
નવેમ્બર ૨૦૧૪

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ




## વર્તમાન તીર્થંકર શ્રી સીમંધર સ્વામી ભગવાન

# વર્તમાન તીર્થંકર
# શ્રી સીમંધર સ્વામી ભગવાન

**તંત્રી તથા સંપાદક:**
ડિમ્પલ મહેતા
વર્ષ : ૭, અંક : 3
સળંગ અંક : ૭૫
*નવેમ્બર ૨૦૧૪*

**સંપર્ક સૂત્ર :**
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
**email:akramexpress@dadabhagwan.org**
**Website: kids.dadabhagwan.org**

**Printed & Published by**

**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Owned by**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Printed at**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

**Published at**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# અક્રમ એક્સપ્રેસ

## સંપાદકીય

બાળમિત્રો,

શ્રી સીમંધર સ્વામી ભગવાનનું નામ સાંભળતા જ તમને લાગશે કે આ તો જૈનોના ભગવાન. પણ ના, એ જૈનોનાય ભગવાન નથી, વૈષ્ણવોનાય ભગવાન નથી. એ તો વીતરાગ ભગવાન છે. વીતરાગ ભગવાન ત્યારે જ કહેવાય જ્યારે એમને બધા ધર્મો માટેનો પક્ષપાત છૂટી જાય.

તો આવો, આ અંકમાં આપણે શ્રી સીમંધર સ્વામી ભગવાન વિષે ઘણું ઘણું જાણીએ અને એમનીભક્તિ-આરાધનામાં જોડાઈએ.

-ડિમ્પલ મહેતા

# સીમંધર સ્વામી ભગવાનનો પરિચય



નામ : શ્રી સીમંધર સ્વામી

પિતાશ્રી :- રાજા શ્રેયાંસ

માતાશ્રી :- સાત્યકીદેવી

ક્ષેત્ર :- મહાવિદેહ ક્ષેત્ર. એ આપણી પૃથ્વીથી ઈશાન દિશામાં લાખો માઈલ દૂર છે.

ઊંચાઈ :- ૧૫૦૦ ફૂટ (૫૦૦ ધનુષ્ય)

લાંછન :- વૃષભ

જન્મકાળ :- સત્તરમા તીર્થંકર શ્રી કુંથુનાથ અને અઢારમા તીર્થંકર શ્રી અરનાથની વચ્ચેના સમયગાળા દરમ્યાન ભગવાન સીમંધર સ્વામીનો જન્મ થયો હતો.

ધર્મપત્ની :- રાજકુમારી રૂકમણીદેવી

દીક્ષા કાળ અને કેવળજ્ઞાન :- જ્યારે ભગવાન રામના પિતા દશરથ રાજાનું રાજ્ય આપણી પૃથ્વી પર હતું ત્યારે ભગવાન સીમંધર સ્વામીએ દીક્ષા લીધી હતી. હજારો વર્ષ તેઓ સાધુ રહ્યા. તે દરમ્યાન તેમણે જ્ઞાનને આવરણ કરનારા કર્મોનો ક્ષય કર્યો, ચૈત્ર સુદી તેરસના દિવસે ભગવાન સર્વજ્ઞ બન્યા અને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

શાસનદેવ :- ચાન્દ્રાયણ યક્ષદેવ

શાસનદેવી :- પાંચાંગુલી યક્ષિણીદેવી

સ્વામીનો પરિવાર :- જગત કલ્યાણ માટે ભગવાનના ચરણોમાં સમર્પિત એવા ચોસઠ ગણધર, દશ લાખ કેવળીઓ, સો કરોડ સાધુઓ, સો કરોડ સાધ્વીઓ, નવસો કરોડ શ્રાવક, નવસો કરોડ શ્રાવિકાઓ છે.

આયુષ્ય કાળ :- સીમંધર સ્વામીનું આયુષ્ય અત્યારે પોણા બે લાખ વર્ષનું છે અને તેઓ હજી બીજા સવા લાખ વર્ષ જીવવાના છે.

નિર્વાણ કાળ:-આવતી ચોવીસીના આઠમા તીર્થંકર શ્રી ઉદયસ્વામીના નિર્વાણ પછી અને નવમા તીર્થંકર શ્રી પેઢાળસ્વામીના જન્મ પૂર્વે શ્રી સીમંધર સ્વામી અને બીજા ઓગણીસ તીર્થંકરો શ્રાવણ સુદ ૩ના અલૌકિક દિવસે આયુષ્ય પૂર્ણ કરી નિર્વાણ પામશે.

સીમંધર સ્વામી વર્તમાન તીર્થંકર ભગવાન કહેવાય. નવકાર મંત્રમાં 'નમો અરિહંતાણં' જે બોલીએ છીએ, એ અરિહંત એટલે એવા તીર્થંકર ભગવાન જે અહીં દેહધારીરૂપે, કેવળજ્ઞાની હોય. ક્રોધ-માન-માયા-લોભ રૂપી દુશ્મનોનો જેમણે નાશ કર્યો છે એવા કેવળજ્ઞાની, એમને અરિહંત કહેવાય. ચોવીસ તીર્થંકરો જે પહેલા થઈ ગયા, એ બધા મોક્ષમાં જતા રહ્યા માટે એમને સિધ્ધ ભગવાન કહેવાય. તેઓ 'નમો સિધ્ધાણં'માં આવે. ભૂતકાળના તીર્થંકરને સંભારવાથી પુણ્ય બંધાય અને વર્તમાન તીર્થંકરને સંભારવાથી મોક્ષ મળે. માટે સીમંધર સ્વામીને ભજવા જોઈએ.



# તીર્થંકર ભગવાન એટલે ?

તીર્થંકર જ્યાં ફરે ત્યાં તીર્થ થઈ જાય. જ્યાં જ્યાં એમના પગલા પડે ત્યાં એ ભૂમિ તીર્થભૂમિ થઈ જાય. એટલે બધા લોકો ઈતિહાસમાં નોંધી રાખે કે ભગવાન અમુક જગ્યાએ ફર્યા હતા. પછી એ તીર્થભૂમિ થાય. માટે એમને તીર્થંકર કહેવાય.

ખરી રીતે ગુણથી તીર્થંકર એટલે શું ? એમણે બે અવતાર પહેલા ભાવના કરેલી હોય કે આ જગતનું કેમ કરીને કલ્યાણ થાય, કેમ કરીને જગત સુખી થાય, હું જે જ્ઞાન પામ્યો છું, જે સુખ પામ્યો છું એ સુખ જગત કેમ કરીને પામે ! એ ભાવનાઓ કરેલી. એનું ફળ આવ્યું એટલે પછી તેઓ જે બોલે તે દેશના હોય. તે એવી વાણી બોલે કે મીઠી દ્રાક્ષ જેવી હોય! એ સાંભળતા જ માણસમાં ફેરફાર થઈ જાય!

તીર્થંકર એટલે જેને જોવાથી જ કલ્યાણ થઈ જાય!

# સીમંધર સ્વામી પ્રભુ કેવા છે ?

સીમંધર સ્વામી અત્યારે પોણા બે લાખ વરસની ઉંમરના છે. એમની હાઈટ બહુ ઊંચી (૫૦૦ ધનુષ્ય જેટલી) છે. આપણા જેવો જ દેહ છે. જેમ ઋષભદેવ ભગવાન આખા બ્રહ્માંડના ભગવાન કહેવાય. તેમ સીમંધર સ્વામી પણ આખા બ્રહ્માંડના ભગવાન કહેવાય. અઢી હજાર વર્ષથી આપણે અહીં તીર્થંકરોનો જન્મ થતો બંધ થઈ ગયો છે, પણ ત્યાં મહાવિદેહ ક્ષેત્રમાં કાયમને માટે તીર્થંકરો જન્મ લે છે. આજે સીમંધર સ્વામી ત્યાં હયાત છે. આપણે એમને જોઈ શકતા નથી પણ તેઓ આખી દુનિયાને જોઈ શકે છે.

ભગવાનના જે પરમાણુ ઊડે, તેના કારણે એમની જોડે બેઠેલા લોકોને અંદર સુગંધી વર્તતી હોય, એવું સાધારણ લાગ્યા કરે.

તીર્થંકર ભગવાનનું ચરમ (છેલ્લું) શરીર છે, તે ગજબનું લાવણ્યવાળું (રૂપ) હોય, વર્લ્ડમાં અજાયબી કહેવાય. એમના લાવણ્યની તો વાત જ ના થાય, વર્ણન ના કરી શકાય!

# ભગવાન શું કરતા હોય ?

એમને કશું કરવાનું જ ના હોય! પોતાના ઉદય કર્મો જે કરાવડાવે એવું કર્યા કરે. પોતે આખો દહાડો જ્ઞાનમાં જ રહે. એમના બહુ બધા ફોલોઅર્સ (અનુયાયીઓ) હોય! તેઓ દર્શન કરે અને ભગવાન વીતરાગ ભાવે દેશના આપે.

# સીમંધર સ્વામીના દર્શન કેમ કરવાના ?


સીમંધર સ્વામી હાજર છે. એ હાજર ભગવાનના દર્શન કરે તો કલ્યાણ થાય. એ પ્રત્યક્ષ છે એટલે કલ્યાણ થાય. વર્તમાન તીર્થંકરના પરમાણુ બધે ફરતા હોય. વર્તમાન તીર્થંકરનો બહુ લાભ થાય.

આપણી દુનિયા (ભરત ક્ષેત્ર)માં છેલ્લા પચ્ચીસો વર્ષથી તીર્થંકરો જન્મવાના બંધ થઈ ગયા છે. હાલના બધા તીર્થંકરોમાં સીમંધર સ્વામી આપણી દુનિયાની સૌથી નજીક છે અને આપણી દુનિયાના લોકોના ઉદ્ધાર માટે ઉપકારી છે. એમની ભક્તિ કરવાથી આપણો આવતો જન્મ ત્યાં થાય અને એમના દર્શન કરવાથી આપણો મોક્ષ થઈ શકે.

સીમંધર સ્વામીની આરતીમાં બધા દેવો હાજર હોય છે. આરતી સીમંધર સ્વામીને ઠેઠ પહોંચે. આપણી આરતી ગમે તે મંદિરમાં ગાઓ તો ભગવાનને હાજર થવું પડે.

# ભગવાનના દર્શન કેવી રીતે કરવાના ?

"પ્રત્યક્ષ દાદા ભગવાનની સાક્ષીએ, વર્તમાને મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા તીર્થંકર ભગવાન શ્રી સીમંધર સ્વામીને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું."




'પ્રત્યક્ષ દાદા ભગવાનની સાક્ષીએ' એવો શબ્દ પ્રયોગ એટલા માટે કરવામાં આવ્યો છે કે જ્યાં સુધી આપણો શ્રી સીમંધર સ્વામી સાથે સીધો તાર જોડાયો નથી, ત્યાં સુધી જેમનો નિરંતર તાર એમની સાથે સંધાયેલો છે, એવા જ્ઞાની પુરુષ શ્રી દાદા ભગવાનના માધ્યમ દ્વારા આપણા નમસ્કાર આપણે શ્રી સીમંધર સ્વામીને પહોંચાડીએ છીએ. જેનું ફળ પ્રત્યક્ષ કરેલા નમસ્કાર જેટલું જ મળે છે.

દા.ત. આપણે કોઈ સંદેશો અમેરિકા પહોંચાડવો છે, પણ તે આપણી મેળે પહોંચાડી શકીએ તેમ નથી, એટલે આ સંદેશો પોસ્ટખાતાને સુપરત કરીને નિશ્ચિંત બની જઈએ છીએ. આ જવાબદારી પોસ્ટખાતાની છે અને તે તેને પૂરી કરે છે. એ જ રીતે પૂજ્ય દાદાશ્રી, શ્રી સીમંધર સ્વામીને આપણો સંદેશો પહોંચાડવાની જવાબદારી પોતાના શિરે લે છે.

સવારના સાડા ચારથી સાડા છ, એ બ્રહ્મમૂહૂર્ત કહેવાય, ઊંચામાં ઊંચું મૂહૂર્ત. એ દરમિયાન 'પ્રત્યક્ષ દાદા ભગવાનની સાક્ષીએ, વર્તમાને મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા તીર્થંકર ભગવાન શ્રી સીમંધર સ્વામીને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું' બોલ્યા કે તરત ત્યાં સીમંધર સ્વામીને પહોંચી જાય. તે વખતે ત્યાં કોઈ ભીડ હોય નહીં. માટે સાડા ચારથી સાડા છ, એ તો અપૂર્વ કાળ કહેવાય ! જેની જુવાની હોય, તેણે આ છોડવું જ ના જોઈએ.



# જ્ઞાનીઓ કહે છે....

પ્રશ્નકર્તા : સીમંધર સ્વામીની ઘરે ભક્તિ કરીએ અને મંદિરમાં કરીએ તેમાં કંઈ ફરક પડે ?

દિપકભાઈ : ફરક પડે. કારણ કે મંદિરમાં ભગવાનની મૂર્તિમાં પ્રાણપ્રતિષ્ઠા કરેલી હોય અને ત્યાં દેવલોકોનું વધુ રક્ષણ પણ હોય ! મંદિરમાં વાતાવરણ હોય, એટલે અસર વધારે થાય.

પ્રશ્નકર્તા : પણ મને આ મૂર્તિપૂજા નથી ગમતી. એ નોન (લિવિંગ) નિર્જીવ વસ્તુ છે. એના કરતાં આપણે માણસોને હેલ્પ કરવી જોઈએ. જે લોકોને જીવવામાં પ્રોબ્લેમ હોય એવા લોકોને હેલ્પ કરવી જોઈએ. આ મૂર્તિ પાછળ આપણે કલાકો વેસ્ટ કરીએ, હવન વગેરે કરીએ છીએ તો એ કરવાની શી જરૂર ?

દિપકભાઈ : એનુ કારણ છે. આ મૂર્તિ કોની મૂકી છે ? સીમંધર સ્વામીની, જે ક્યાંક લાઈવ છે, કેવળજ્ઞાન સ્વરૂપે. એટલે આપણે એને સંભારીએ તો આપણને આનંદ થાય.

જેમ તારી મમ્મીનો ફોટો હોય, તો હું કહું કે એ તો કાગળ છે, નોન લિવિંગ વસ્તુ છે, તું શું એને જો જો કરે છે ? પણ તને એ ફોટો જોઈને આનંદ થાય ને ? ખુશ થાય કે ના થાય ? તો એ કાગળ છે કે મમ્મી છે ? હું કહુ કે તું ફાડી નાખ. તો તું કહે કે નહીં ફાડું, મારી મમ્મી છે. કહે કે ના કહે ? એ મૂર્તિ છે કે શું છે ? મૂર્તિ જ છે. પણ આપણને યાદગીરી આવે ને ?

આપણે આ દાદા-દાદી ગેરહાજર છે, છતાં એનો ફોટો જોઈને આનંદમાં રહી શકીએ ને ? અથવા તો પોઝિટિવ જોઈ શકીએ કે એ લોકોએ મને જીવનમાં કેટલી હેલ્પ કરી હતી. તો આ ભગવાન ક્યાંક છે અને એમને યાદ કરો તો એમને સીધા નમસ્કાર પહોચે છે. એમની પાસે શું છે ? જ્ઞાન છે, આનંદ છે. એમના દર્શન કરવાથી આપણને પણ જ્ઞાન અને આનંદ ઉત્પન્ન થાય.

મૂર્તિની પૂજા કરીએ તો ભૌતિક સુખો મળે કારણ કે આપણે શ્રધ્ધાથી પૂજા કરીએ છીએ. મૂર્તિમાં આપણને શ્રદ્ધા છે. તેથી આપણી શ્રદ્ધા આપણને ફળ આપે છે. અને આ ભગવાનને જોવાથી નિર્વિકાર થવાય, વીતરાગ થવાય. દર્શનથી જ ભક્તિ ઉત્પન્ન થાય એટલે આપણે ભક્તિ કરવાની.





## સીમંધર સ્વામી ભગવાનને ભરત ક્ષેત્ર સાથે શું સંબંધ છે ?

સીમંધર સ્વામીને હિન્દુસ્તાન જોડે હિસાબ છે, ભાવ છે એમનો અને એ બહુ ટાઈમ સુધી રહેવાના છે ! સીમંધર સ્વામી તો ભરત ક્ષેત્રમાં અઢારમા તીર્થંકર હતા, ત્યારના છે ! બધા તીર્થંકરોએ અનુમોદના કરેલી (કહેલું). તે આ અનુમોદના રૂપ એમની કૃપા ઊતરતી જ ચાલે છે. એટલે બધું અહીંનું કામ જ જાણે એમનું હોય એવી રીતના ચાલે છે. તે ઋણાનુબંધી હિસાબ હશે. પહેલાનો હિસાબ હશે ને, તે છૂટે હંમેશા.

## મહાવિદેહ ક્ષેત્ર ક્યાં છે ? કેવું છે ?

આપણી પૃથ્વીથી ઈશાન દિશામાં લાખો માઈલ દૂર મહાવિદેહ ક્ષેત્ર આવેલું છે. મહાવિદેહ ક્ષેત્રના કુલ ૩૨ વિભાગોમાંથી આઠમા વિભાગ પુષ્પકલાવતીની રાજધાની પુંડરીકગીરીમાં સીમંધર સ્વામી છે.

મહાવિદેહ ક્ષેત્ર આ બ્રહ્માંડમાં જ છે, પણ ત્યાં આગળ જતાં વચ્ચે એવા ઠંડા ઝોન (ભાગ) છે કે પ્લેન ના જઈ શકે, કોઈ પણ ત્યાં જઈ શકે નહીં. એટલે એ બધાં ક્ષેત્રો જુદા પડેલા છે.

મહાવિદેહ ક્ષેત્રમાં કાયમને માટે તીર્થંકરો જન્મ્યા જ કરે છે અને આપણા ક્ષેત્રમાં અમુક ટાઈમે જ તીર્થંકરો જન્મે, પછી ના રહે. અત્યારે આ સીમંધર સ્વામી મહાવિદેહ ક્ષેત્રમાં છે.

મહાવિદેહ ક્ષેત્રમાં મૂળ સંસ્કૃત ભાષા હોવી જોઈએ. પણ આપણે ગુજરાતી ભાષામાં એમને પ્રાર્થના કરીએ તોય પહોંચે છે કારણ કે એ નામ પર ભાવ છે ને ! અને આપણી પાસે નામ તો ચોક્કસ છે !

ત્યાં આયુષ્ય બહુ લાંબા હોય. પણ માણસો આપણા જેવા દેહધારી જ છે. ત્યાં પણ માણસની લાગણીઓ આપણા જેવી જ બધી. આપણા જેવા વ્યવહાર છે. પણ તે આપણા અહીં ચોથા આરામાં જેવો વ્યવહાર હતો એવો છે.

ચોથા અને પાંચમાં આરામાં ફેર શો પડે છે ? ચોથા આરામાં મન-વચન-કાયાની એકતા હોય છે અને પાંચમાં આરામાં આ એકતા તૂટી જાય છે. એટલે મનમાં જે હોય એવું વાણીમાં બોલતા નથી ને વાણીમાં હોય એવું વર્તનમાં લાવતા નથી, એનું નામ પાંચમો આરો. અને ચોથા આરામાં તો મનમાં જે હોય એવું જ વાણીમાં બોલે અને એવું જ કરે.



# દેવ-દેવીઓની ભજના પાછળ શું હેતુ હોય ?


આ શાસન દેવ-દેવીઓને રાજી એટલા માટે રાખવાના કે આ કાળના મનુષ્યો પૂર્વવિરાધક છે. પૂર્વવિરાધક એટલે કોઈને સળી (હેરાન, દુઃખી) કરીને આવેલા.

આપણે દેવ-દેવીઓની આરાધન એટલા માટે કરવાની કે એમના તરફનો કોઈ ‘ક્લેઈમ’ (દાવો) ના રહે, આપણા માર્ગમાં વચ્ચે તેઓ અંતરાય ના નાખે અને આપણને પસાર થવા દે અને ‘હેલ્પ’ કરે.

આપણને કોઈ ગામ જોડે પહેલાંનો ઝઘડો થયેલો હોય ને એ ગામના લોકો જોડે આરાધનાના ભાવ રાખીએ (સારાસારી રાખીએ) તો ઝઘડો મટી જાય ને ઊલટું સારું કામ થાય. એમ, આખા જગત જોડે આરાધનાથી, શાસન દેવ-દેવીઓ જ નહીં, પણ જીવમાત્ર જોડે આરાધનાથી સારું થાય.

શાસન દેવ-દેવીઓ નિરંતર શાસન ઉપર, ધર્મ ઉપર કંઈ પણ અડચણ આવે તો હેલ્પ કરે !

# આપણે મહાવિદેહ ક્ષેત્રમાં કેવી રીતે જઈ શકીએ ?




આ ભવમાં દાદાની આજ્ઞા પાળવાથી જે પુણ્યૈ બંધાઈ રહી છે, તે મહાવિદેહ ક્ષેત્રમાં લઈ જાય છે. એવો કુદરતી નિયમ જ છે. જેનો ચોથા આરાને લાયક સ્વભાવ થાય, તે ચોથો આરો જ્યાં ચાલતો હોય, ત્યાં એ ક્ષેત્ર એને ખેંચી લે અને ચોથા આરામાં પાંચમાં આરાને લાયક જીવો હોય, તેને આ પાંચમો આરો ત્યાંથી ખેંચી લે.

દાદાનો સીમંધર સ્વામી જોડે સંબંધ છે અને દાદાએ બધા મહાત્માઓની મોક્ષની જવાબદારી લીધી છે. દાદાની આજ્ઞા જે પાળશે, તેની દાદાએ જવાબદારી લીધી છે.

મહાવિદેહ ક્ષેત્રમાં આપણે સીમંધર સ્વામી પાસે બેસવાનું અને એ દર્શન થાય એટલે મોક્ષ થાય.

# જ્ઞાની જઈ શકે ત્યાં ?



જ્ઞાનીથી જવાય, પણ સદેહે નહીં.

જ્ઞાની પુરુષને ખભા પરથી એક લાઈટવાળું અજવાળું નીકળે અને જ્યાં તીર્થંકર હોય, ત્યાં જાય અને પ્રશ્નોનું નિરાકરણ કરીને પછી પાછું આવે. એ જુદી જાતનું બોડી છે, પ્રકાશરૂપી છે એ બોડી ! એ નીકળે અને સમાધાન કરીને પાછું આવે ! બાકી પોતે જઈ ના શકે.

દાદાને સીમંધર સ્વામી સાથે તાર જોઈન્ટ થયેલો. એટલે દાદા, સીમંધર સ્વામી પાસેથી અમુક પ્રશ્નોના જવાબ મેળવતા.

# આ તો નવી જ વાત !




તીર્થંકર ભગવાનના જન્મ પછી ઈન્દ્ર દેવ અને દેવો ભગવાનના જન્મોત્સવને ઉલ્લાસથી ઉજવવા તેમને મેરુ પર્વત પર લઈ જાય. ઢોલ, નગારા અને વાજિંત્રો અને દેવ દુદુંભી સાથે બધા દેવો નૃત્ય કરી રહ્યા હોય અને ઈન્દ્ર દેવ પણ બાળ સ્વરૂપ ભગવાનને પોતાના ખોળામાં લઈને એમને દૂધથી નવડાવતા હોય.

તીર્થંકરોને વિશિષ્ટ પ્રકારના ચોત્રીસ અતિશયો (ખૂબીઓ) હોય. તેઓ બધા મનુષ્યોથી જુદા પડતા હોય.



તીર્થંકર ભગવાન જ્યારે નાના હોય ત્યારે તેમને ખરાબ સોબતથી બચાવવા, દેવો બાળ રૂપ લઈને તેમની સાથે રમવા આવે. ભગવાન ગમે તેટલું રમે તો પણ એમને થાક ના લાગે, પરસેવો ના થાય.





તીર્થંકર ભગવાન જ્યાં પગ મૂકે ત્યાં કમળ હાજર થઈને એમના પગનું રક્ષણ કરે, વૃક્ષો નમીને છાયા આપે કાંટા આપ મેળે ઊંધા થઈ જાય, જેથી ભગવાનને વાગે નહીં. તેમને દેવ દેવીઓ ચામરથી હવા નાખે.


કેવળજ્ઞાન થયા પછી દેવો સમોવસરણની રચના કરે, તેમાં ત્રણ ગઢ હોય, દરેક ગઢમાં ચાર દરવાજા હોય.

૧. પહેલો ગઢ ચાંદીનો હોય જેમાં વાહનો અને અશ્વો રાખવાની વ્યવસ્થા હોય.

૨. બીજો ગઢ સોનાનો હોય, જેમાં પશુ-પ્રાણીઓ હોય.

૩. ત્રીજો ગઢ રત્નનો હોય, સાધુ-સાધ્વીઓ, ગણધરો, રાજા મહારાજાઓ, દેવ દેવીઓ અને મનુષ્યો બધા બેસે, મધ્યમાં અશોકવૃક્ષ હોય, ભગવાનની પાછળ આભામંડળ અને ઉપર ત્રણ છત્રો હોય, ભગવાનનું મુખ પૂર્વ દિશામાં હોય, અને દેવો બાકીની ત્રણ બાજુ એમનું પ્રતિબિંબ રચે એટલે દરેક બાજુ ભગવાનનું મુખ દેખાય, કોઈને પીઠ ના દેખાય, આને ચોઉમુખી અવસ્થા કહેવાય, સિંહાસન પર બિરાજીને ભગવાન દેશના આપે.

ભગવાનની દેશના સાંભળવા વાઘ, સસલું, સિંહ, બકરી બધા જ પ્રાણીઓ પોતાના હિંસક ભાવ, ભય ભાવ, વેર-ઝેર બધું ભૂલી જઈને બાજુબાજુમાં બેસે. ત્યાં કોઈને ભૂખ, તરસ, થાક ના લાગે, બધું જ શાંત થઈ જાય. ભગવાનની વાણી અદ્‌ભૂત હોય, દરેક પોતપોતાની ભાષામાં સમજી જાય.



તીર્થંકર ભગવાનને વાળ ન વધે, દાઢી-મૂછ ના વધે, નખ ના વધે, રૂવાંટી પણ ના વધે.

- ભગવાન જ્યાં વિચરે ત્યાં બધી જ ઋતુના ફળ મળે.

-૫૦૦ જોજન સુધી રોગચાળો ના હોય.

-જીવજંતુઓનો ઉપદ્રવ (ત્રાસ) ના હોય.




આખા વર્લ્ડમાં કોઈ જીવ આટલો પુણ્યશાળી ના હોય, એટલા એ પુણ્યશાળી હોય, બધા પરમાણું હાઈ ક્વોલિટીના હોય, તેથી આપણા લોકો એમના પ્રક્ષાલનું પાણી નીચે પડતું હોય તો તે પી જાય છે ને !





તીર્થંકરોનું મોઢું ક્યારે ખુશમાં કે બહુ ખુશમાં આવે ? જ્ઞાનીઓને જુએ ત્યારે બહુ ખુશમાં આવે કે આ કોમ સારામાં સારી છે, બધાને તૈયાર કરીને એમને ત્યાં મોકલે. મહેનત જ્ઞાની કરે. તીર્થંકરોને મહેનત કરવાની નહીં. તૈયાર મસાલો એમની પાસે જાય. ઘડતર જ્ઞાનીઓએ  કરવાનું. એના બદલામાં એ એમની પર બહુ ખુશ હોય.
- કરોડો દેવ દેવીઓ ભગવાનની સેવામાં કાયમ હાજર જ હોય.

મહાવિદેહ ક્ષેત્રમાં યાંત્રિક વિમાનો નથી, માંત્રિક વિમાનો છે બધા, અહીં યાંત્રિક છે અને ત્યાં માંત્રિક છે. એને તેલ કે કશાની જરૂરિયાત ના પડે. અને યાંત્રિકને તો તેલ ખૂટી પડે તો નીચે બેસી જાય અગર તો 'મશીન બંધ થઈ ગયું છે' કહેશે.



# તમારી જાતને ચકાસી જુઓ !

**નીચે આપેલા દરેક સીમંધર સ્વામીની બાજુમાં એ ક્યાં ત્રિમંદીરના ભગવાન છે. એ આપેલા લીસ્ટમાંથી શોધીને લખો.**

*અડાલજ, ગોધરા, ભૂજ, રાજકોટ, દાદા દર્શન, ભાદરણ, સુરેન્દ્રનગર, ચલામણી, મોરબી*




# મીઠી યાદેં

અમદાવાદમાં 'દાદા દર્શન' બિલ્ડિંગ બંધાયું, એ પહેલા પૂજ્ય નીરુમા, પૂજ્ય દીપકભાઈ, આપ્તપુત્રો, પુત્રીઓ બધા અમદાવાદમાં વરુણ એપાર્ટમેન્ટમાં રહેતા હતા. જેમ જેમ દાદાનો પરિવાર મોટો થતો ગયો તેમ તેમ એપાર્ટમેન્ટની જગ્યા સાંકડી પડતી ગઈ. પોતાની એક જગ્યા લઈને એપાર્ટમેન્ટમાંથી નીકળવાનો સહુએ વિચાર કર્યો.

ત્યાર બાદ પૂજ્ય નીરુમા, આપ્તપુત્રો સાથે અમદાવાદમાં ઘણી જગ્યાઓ જોવા ગયા પણ ક્યાંય મેળ નહોતો પડતો. એ અરસામાં એક મહાત્માએ નદી કિનારા પર આવેલો પ્લોટ આપ્તપુત્રોને બતાવ્યો. જગ્યા નાની હતી પણ આપ્તપુત્રોને થયું કે જો અહિંયા બિલ્ડિંગ બંધાય અને એની અગાસી પર સીમંધર સ્વામી ભગવાનને મૂક્યા હોય તો નદી કિનારેથી અને બ્રિજ (પુલ) પરથી બધા લોકોને ભગવાનના સરસ દર્શન થાય.

આ શક્યતા જ્યારે આપ્તપુત્રોએ પૂજ્ય નીરુમાને જણાવી ત્યારે નીરુમાને એમનો વિચાર બહુ ગમ્યો. જગ્યા સાંકડી હોવાથી આપ્તપુત્રો બીજી જગ્યા શોધી રહ્યા હતા. પણ પૂજ્ય નીરુમાના દિલમાં તો આ જ જગ્યા વસી ગઈ હતી.

ત્યાર બાદ પૂજ્ય નીરુમાને લગભગ પંદરેક વખત સપનામાં, મોટા સીમંધર સ્વામી ભગવાન બિલ્ડિંગની અગાસી પર બેઠા હોય એવા દર્શન થયા. ત્યારથી એમને અંદર પાક્કું થઈ ગયેલું કે મોટા સીમંધર સ્વામી ભગવાન બિલ્ડિંગની અગાસી પર ચોક્કસ બેસશે. જગ્યા મળવામાં ઘણી મુશ્કેલીઓ પડી પણ છેવટે એમનું સ્વપ્ન પૂરું થયું અને એ જગ્યા પર 'દાદા દર્શન' બંધાયું અને સીમંધર સ્વામી ભગવાનની અલૌકિક પ્રાણપ્રતિષ્ઠા થઈ!



એક વખત પૂજ્ય નીરુમાને જીવતા સીમંધર સ્વામી ભગવાનના સપનામાં દર્શન થયા. ભગવાન એટલા બધા વિરાટ હતા કે ભગવાનના પગે જ્યારે નીરૂમાએ સાષ્ટાંગ પ્રણામ કર્યા, ત્યારે એમણે અનુભવ્યું કે એમનું આખું શરીર ભગવાનના પગના અંગુઠાના અમુક અંશ જેટલું જ હતું!

-------



સુરેન્દ્રનગરના એક મહાત્માની વાત છે. એમની પાસે જમીન હતી. એમને એ જમીન મંદિર બાંધવા માટે આપવાની ખૂબ ભાવના હતી. એમણે એક આપ્તપુત્રને એ બાબતે વાત કરી. આપ્તપુત્રએ નીરુમાને વાત કરી કે આ બાબતે તેઓ આપને મળવા માંગે છે. નીરુમાએ એમને મળવા બોલાવ્યા.

ત્યારે નીરુમાની તબિયત બહુ જ ખરાબ હતી. આથી બીજા એક આપ્તપુત્રએ કહ્યું, ''નીરુમા, આપણા અડાલજ અને રાજકોટ, એમ બે મંદિર તો થઈ ગયા છે. હમણા તમારી તબિયત જરાય સારી નથી રહેતી તો એમ થાય છે કે અમે બધા ભાઈઓ-બહેનો થોડો સમય તમારી સાથે રહીએ અને તમારી સેવા કરીએ. આ બધા કામ વધ્યા કરે છે અને અમારે એમાં ધ્યાન દેવું પડે છે, એમાં આપની તબિયત સચવાતી નથી. હમણા આપણે નવા મંદિરનું રહેવા દઈએ. નવી નવી જમીન આપનારા તો ઘણા આવશે પણ તમારી તબિયત સારી થઈ જાય પછી કરીએ.''

નીરુમા કહે, ''હા, બરાબર છે. પણ મારે તો ખાલી મળવું જ છે. હું જમીનની કોઈ વાત નથી જ કરવાની. એ કહેશે તોય હું 'હા' નહીં પાડું. આપણે ચોક્કસ પહેલા તબિયત સાચવશું''

પછી પેલા મહાત્મા આવ્યા. એમણે મંદિર બંધાવવા અંગે બધી વાત કરી. નીરુમા તરત બોલ્યા, ''હા, હા. આપણે મંદિરનું કામ ચાલુ કરો. આપ્તપુત્રોને મળજો, એમને જગ્યા દેખાડજો અને પાકુ કરજો.''

મહાત્મા ગયા એટલે પેલા આપ્તપુત્રએ નીરુમાને કહ્યું, ''નીરુમા, તમે હમણા તો ના પાડતા હતા કે આપણે નથી કરવું ને અચાનક પાછું બધું નક્કી કરી નાખ્યું! તમારી તબિયતનું ધ્યાન રાખવાનું હતું.''

આ સાંભળી નીરુમા એકદમ ખુમારીથી બોલ્યા, ''આ નીરુબેનના શરીર માટે, સીમંધર સ્વામીનું કામ આવતું હોય તો કંઈ 'ના' પાડવાની હોય ? આજ પછી ખબરદાર કોઈ દિવસ ભગવાનનું કામ થતું હોય ને એમાં 'ના' પાડી છે તો ! 'ના' નહીં પાડવાની, અંતરાય નહીં પાડવાના, આપણા તરફથી હંમેશા 'હા' જ હોય.

અને આખરે સુરેન્દ્રનગરમાં મંદિર બન્યું અને ભગવાન પધાર્યા!

# ચાલો રમીએ...

## ૧. • નીચે આપેલા ચિત્રોમાંથી ૧૦ તફાવત શોધી આપો.






## ૨. • આપેલી આડી અને ઊભી ચાવીઓ પ્રમાણે નંબર ગોઠવો.

### આડી ચાવી

૨. ૨ વર્ષમાં કેટલા અઠવાડિયા હોય?
૪. નવ વખત નવ
૫. ૧૬ મી ઊભી ચાવીમાંથી ૧૭ મી આડી ચાવી બાદ કરો
૭. ૧૦ મી ઊભી ચાવીમાં ૧૫ મી આડી ચાવી ઉમેરો
૮. ૨૧૫૩ ને ફરીથી ગોઠવો
૧૦. ૯૬ નો ત્રીજો ભાગ
૧૨. ૧૦૦ ના અડધા
૧૩. ૨૬૭૪ ને ફરીથી ગોઠવો
૧૫. ૧૭ મી ઊભી ચાવી માંથી ૨ જી ઊભી ચાવી બાદ કરો
૧૬. ૨ દિવસ એટલે______કલાક
૧૭. ૭૬ ના અડધા કરો
૧૮. ૭૨ ને ત્રણ વાર ગુણો

### ઊભી ચાવી


૧. ૧૦૦ નો પાંચમો ભાગ
૨. ૩૩ નો ત્રીજો ભાગ
૩. ૨૦૭૬ ના બમણા
૪. પહેલી ઊભી ચાવીને ચાર વાર ગુણો
૬. ૮૩ નો ચોથો ભાગ
૭. બીજી આડી ચાવીને ૬ વાર ગુણો
૯. ૫૧ ને પાંચ વાર ગુણો
૧૧. ૩૫૬૪ ના અડધા કરો
૧૪. બે ડઝન એટલે કેટલા?
૧૫. ૭ વખત ૪ ને ગુણો
૧૭. ૭૨ ના અડધા કરો
૧૯. ૯૦ નો ૫ મો ભાગ







## ૩. સામે આપેલા ચિત્રોમાં રસ્તો શોધો.

## ૪. સામે આપેલા ચિત્રોમાં ટપકાં જોડી ડિઝાઈન બનાવો.




## પઝલના જવાબો












તમારી જાતને ચકાસી જુઓ!ના જવાબ: ૧ભૂજ.૨.દાદા દર્શન૩.અડાલજ ૪.મોરબી ૫.ગોધરા ૬.રાજકોટ ૭. ભાદરણ

Akram Express

November 2014
Year : 7, Issue : 3
Conti. Issue No.: 75

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2012-2014
valid up to 31-12-2014
LPWP Licence No. CPMG/GJ/27/2012
valid up to 31-12-2014
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

# શ્રી સીમંધર સ્વામીની આરતી

જય સીમંધર સ્વામી, પ્રભુ તીર્થંકર વર્તમાન,
મહાવિદેહ ક્ષેત્રે વિચરતા, (૨) ભરત ઋણાનુબંધ .......જય સીમંધર

દાદા ભગવાન સાક્ષીએ, પહોંચાડું નમસ્કાર... (સ્વામી)
પ્રત્યક્ષ ફળ પામું હું, (૨) માધ્યમ જ્ઞાન અવતાર .......જય સીમંધર

પહેલી આરતી સ્વામીની, ૐ પરમેષ્ટિ પામે...(સ્વામી)
ઉદાસીન વૃત્તિ વહે,(૨) કારણ મોક્ષ સેવે .......જય સીમંધર

બીજી આરતી સ્વામીની, પંચ પરમેષ્ટિ પામે...(સ્વામી)
પરમહંસ પદ પામી, (૨) જ્ઞાન અજ્ઞાન લણે ........જય સીમંધર

ત્રીજી આરતી સ્વામીની, ગણધર પદ પામે...(સ્વામી)
નિરાશ્રિત બંધન છૂટે, (૨) આશ્રિત જ્ઞાની થયે ........જય સીમંધર

ચોથી આરતી સ્વામીની, તીર્થંકર ભાવિ...(સ્વામી)
સ્વામી સત્તા દાદા કને,(૨) ભરત કલ્યાણ કરે ........જય સીમંધર

પંચમી આરતી સ્વામીની, કેવળ મોક્ષ લહે...(સ્વામી)
પરમ જ્યોતિ ભગવંત 'હું',(૨) અયોગી સિદ્ધપદે ........જય સીમંધર

એક સમય સ્વામી ખોળે જે, માથું ઢાળી નમશે...(સ્વામી)
અનન્ય શરણું સ્વીકારી, (૨) મુક્તિ પદને વરે ........જય સીમંધર

૨૦ નવેમ્બર ૨૦૧૪ અક્રમ એક્સપ્રેસ

**અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના**

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #.** અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

Printer, Publisher and Owner - Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, 5, Mamtapark Society,Bh. Navgujarat College, Usmanpura,Ahmedabad-14.